# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. **સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દેશને સંબોધન કરશે.**
2. **સ્વતંત્રતા દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં દિલ્હીના લાલ કિલ્લા ખાતે આવતીકાલે રાષ્ટ્રીય ઉજવણી થશે.**
3. **સરહદ સુરક્ષા દળના 16 સીમા પ્રહરીઓને આવતીકાલે વિરતા ચંદ્રકો એનાયત કરાશે.**
4. **વિભાજન વિભિષિકા દિવસ નિમિત્તે બલિદાન આપનારા દિવંગતોને શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ.**
5. **દિલ્હીમાં શેરી કૂતરાઓને આશ્રયસ્થાનોમાં ખસેડવા માટેના અગાઉના નિર્દેશો પર રોક લગાવવાની અરજીઓ પર સર્વોચ્ચ અદાલતે આદેશ અનામત રાખ્યો.**

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PREZ ADDRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ 79-મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ આજે રાષ્ટ્રને સંબોધિત કરશે. તેમનું સંબોધન સાંજે સાત વાગ્યાથી આકાશવણીના તમામ રાષ્ટ્રીય નેટવર્ક પર પ્રસારિત કરાશે. આકાશવાણીના પ્રાદેશિક નેટવર્ક પર રાત્રે સાડા નવ વાગ્યે પ્રાદેશિક ભાષાઓમાં તેમના સંબોધનનું પ્રસારણ કરાશે.

દૂરદર્શનની તમામ ચેનલ પર પણ હિન્દી અને પછી અંગ્રેજી ભાષામાં રાષ્ટ્રપતિશ્રીના સંબોધનનું પ્રસારણ કરાશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનના પ્રસારણ બાદ દૂરદર્શનની પ્રાદેશિક ચેનલ્સ દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં પણ તેનું પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMP ANNOUNCEMENT

એક અગત્યની જાહેરાત

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સ્વતંત્રતા પર્વની પૂર્વસંધ્યાએ આજે સાંજે સાત વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કરશે. તેને લઈ આકાશવાણીના અમદાવાદ-

વડોદરા કેન્દ્ર પરથી આજે સાંજના પ્રાદેશિક સમાચાર 7.10 વાગ્યાની જગ્યાએ 6.45 વાગ્યે પ્રસારિત કરાશે.

જ્યારે આવતીકાલે સવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધિત કરશે. તેના કારણે સવારના પ્રાદેશિક સમાચાર 7.10 વાગ્યાની જગ્યાએ 6.45 વાગ્યે પ્રસારિત કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM INDEPENDENCE DAY

સમગ્ર દેશ આવતીકાલે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ પ્રસંગે દિલ્હીમાં લાલ કિલ્લાની પ્રાચિર પરથી રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રને સંબોધિત કરશે.

વર્ષ 2047 સુધી વિકસિત ભારતના સરકારના લક્ષ્યાંકને સુસંગત આ વર્ષે સ્વતંત્રતા દિવસ સમારોહનો વિષય “નયા ભારત” છે. નાગરિકોમાં દેશભક્તિની ભાવનાને જગાડવા અને ઑપરેશન સિંદૂરના વિજયની ઉજવણી કરવા સ્વતંત્રતા દિવસ સમારોહની સાંજે પહેલી વાર દેશભરમાં અનેક બૅન્ડ પ્રસ્તૂતિ રજૂ કરાશે.

**(V/C- ANAND PATHAK)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PUNJAB SECURITY

પંજાબમાં શાંતિપૂર્ણ માહોલમાં સ્વતંત્રતા દિવસ સમારોહની ઉજવણી થાય તે માટે સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી છે. તેમજ તમામ ફિલ્ડ યૂનિટને સાવચેત રહેવા નિર્દેશ અપાયા છે. એક હજાર 500 કર્મચારીઓના 250 જેટલા પોલીસ દળ કોઈ પણ સ્થિતિને પહોંચી વળવા રાજ્યભરમાં તહેનાત છે.

પંજાબના પોલીસ મહાનિદેશક ગૌરવ યાદવે વર્તમાન સુરક્ષા પરિદૃશ્ય પર જિલ્લા વડાઓ સાથે બેઠક યોજી હતી. તેમણે આતંકવાદ વિરોધી વ્યૂહરચનાની સમીક્ષા કરી. તેમજ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને અસર થતા રોકવા આંતર-જિલ્લા સંકલન, ઉચ્ચ દૃશ્યતા ચોકીઓ અને ચોવીસ કલાક દેખરેખ માટે દિશા-નિર્દેશ જાહેર કર્યા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BSF-GALLANTRY MEDALS

સરહદ સલામતી દળ (બી. એસ. એફ.) એ માહિતી આપી છે કે સ્વતંત્રતા દિવસના અવસરે, સોળ સીમા પ્રહરીઓને તેમની બહાદુરી અને ઓપરેશન સિંદૂર દરમિયાન દ્રઢ અને અડગ રહેવા બદલ વીરતા ચંદ્રકો એનાયત કરવામાં આવશે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, બી. એસ. એફ. એ કહ્યું કે ચંદ્રકો ભારતની પ્રથમ સંરક્ષણ લાઇનમાં રાષ્ટ્રના વિશ્વાસ અને વિશ્વાસનો પુરાવો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## EC-SIR

ભારતના ચૂંટણી પંચે આજે જણાવ્યું છે કે દાવાઓ અને વાંધાઓના સમયગાળાના 14 દિવસ બાદ પણ બિહારમાં વિશેષ સઘન સુધારાની કવાયત અંગે અત્યાર સુધીમાં કોઈ પણ રાજકીય પક્ષ દ્વારા એક પણ દાવો અથવા વાંધો રજૂ કરવામાં આવ્યો નથી.

જો કે, પંચે કહ્યું છે કે ડ્રાફ્ટ રોલના સંદર્ભમાં મતદારો પાસેથી સીધા 23 હજાર 557 દાવાઓ અને વાંધાઓ પ્રાપ્ત થયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.............

# PARTITION HORRORS REMEMBERENCE DAY

વર્ષ 1947માં ભારતના ભાગલા દરમિયાન પીડિતો અને લોકોની પીડાઓની યાદમાં  આજે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. આ દિવસે 1947માં ભાગલા દરમિયાન પોતાના જીવનનું બલિદાન આપનાર લોકોને શ્રદ્ધાંજલી આપવામાં આવી રહી છે.

## (V/C- UTPAL KUMAR)

..............................

# SC STRAY DOGS

સર્વોચ્ચ અદાલતે આજે દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં શેરી કૂતરાઓને આશ્રયસ્થાનોમાં ખસેડવા માટે 11મી ઓગસ્ટના રોજ પસાર કરેલા નિર્દેશો પર રોક લગાવવાની અરજીઓ પર આદેશ અનામત રાખ્યો હતો.

ન્યાયમૂર્તિ જે. બી. પારડીવાલા અને ન્યાયમૂર્તિ આર. મહાદેવનની બે ન્યાયાધીશોની ખંડપીઠે જાતે નોંધ લઇ તમામ શેરી કૂતરાઓને દૂર કરવા અને આશ્રયસ્થાનોમાં ખસેડવાનો આદેશ આપ્યો હતો. ત્યાર બાદ આજે  ન્યાયમૂર્તિ વિક્રમ નાથ, ન્યાયમૂર્તિ સંદીપ મહેતા અને ન્યાયમૂર્તિ એન. વી. અંજારિયાની ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠે આ મામલાની સુનાવણી કરી હતી.

આ ચુકાદો એવા સમયે આવ્યો છે જ્યારે કેટલાક વકીલોએ ભારતના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ ઉલ્લેખ કર્યો હતો કે અગાઉની બેંચો દ્વારા પસાર કરાયેલા નિર્દેશો વિરોધાભાસી હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# VECE PAES - OLYMPIC MEDALLIST

1972ના મ્યુનિક ઓલિમ્પિક્સ હોકીના કાંસ્ય ચંદ્રક વિજેતા અને ટેનિસ ખેલાડી લિએન્ડર પેસના પિતા, ડૉ. વેસ પેસનું 80 વર્ષની વયે કોલકાતામાં અવસાન થયું છે.

તેઓ પાર્કિન્સન રોગથી પીડાતા હતા. હોકી ઉપરાંત, તેઓ ક્રિકેટ, ફૂટબોલ અને રગ્બીમાં પણ કુશળ હતા. વર્ષ 1996 થી 2002 સુધી ભારતીય રગ્બી ફૂટબોલ સંઘના પ્રમુખ તરીકે પણ તેમણે સેવા આપી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BOXING SUB JUNIOR

હરિયાણાના યુવા મુક્કેબાજોએ ગઈકાલે ગ્રેટર નોયડામાં 15 વર્ષથી ઓછી વયના છોકરા અને છોકરીઓની સબ જૂનિયરની રાષ્ટ્રીય ચેમ્પિયનશીપમાં ભવ્ય પ્રદર્શન કર્યું. ખેલાડીઓએ બંને વર્ગમાં ખિતાબ જીત્યો છે. હરિયાણાના મુક્કેબાજોએ સર્વિસીઝને હરાવીને યાદીમાં ટોચનું સ્થાન મેળવ્યું છે.

છોકરાઓની શ્રેણીમાં હરિયાણાએ ચાર સુવર્ણ, બે રજત અને છ કાંસ્ય ચંદ્રક જીતીને પ્રથમ સ્થાન મેળવ્યું. જ્યારે સર્વિસીઝ બીજા અને ઉત્તર ત્રીજા સ્થાને રહ્યું. છોકરીઓની ટીમે પણ આવી જ સફળતા મેળવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMD WEATHER

હવામાન વિભાગે આજે જમ્મુ–કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પૂર્વ મધ્યપ્રદેશ, વિદર્ભ ક્ષેત્ર અને દરિયાકાંઠાના આંધ્રપ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે. સાથે જ આગામી પાંચ દિવસમાં ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદની સંભાવના છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તરપ્રદેશના છૂટાછવાયા સ્થળ પર શનિવાર સુધી આવી જ સ્થિતિ રહી શકે છે.

આ મહિનાની 19 તારીખ સુધી મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ અને બિહારમાં આગામી બે દિવસ ભારે વરસાદની સંભાવના છે. વિભાગે 17 તારીખ સુધી ઓડિશામાં ભારે વરસાદ અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં શુક્રવાર અને શનિવારે કેટલાક સ્થળ પર ભારે વરસાદ થઈ શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ISRAEL BORDER TOUR

ઇઝરાયલી લશ્કરના  વડા એયાલ ઝમીરે લેબનોન સરહદ પર લશ્કરી સ્થળોની મુલાકાત લઈને  પ્રાદેશિક જોખમોને ટાળવા માટે

નવો વ્યૂહાત્મક ખ્યાલ રજૂ કર્યો. તેમણે જણાવ્યુ કે ગાઝા પર વિજય મેળવવાની યોજનાઓને તેમણે મંજૂરી આપી છે. તેમણે સીરિયા, યમન અને પશ્ચિમ કાંઠે ચાલી રહેલા ઇઝરાયેલી સંરક્ષણ દળોના ઓપરેશન્સ અને ઈરાનમાં દેખરેખ પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડ્યો હતો.

નવેમ્બર 2024 માં હિઝબુલ્લાહ સાથે યુદ્ધવિરામ થયો હોવા છતાં, ઇઝરાયલી હુમલાઓ ચાલુ રહ્યા છે. દરમિયાન, સંરક્ષણ મંત્રાલયે એલ્બિટ સિસ્ટમ્સ સાથે અદ્યતન યુદ્ધાભ્યાસ માટે 260 મિલિયન ડોલરના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જેમાં સુપરસોનિક ગતિ, સેટેલાઇટ નેવિગેશન અને ફાયર-એન્ડ-ફોર્ગેટ ક્ષમતા ધરાવતી અપગ્રેડેડ રેમ્પેજ મિસાઇલનો સમાવેશ થાય છે. ઇઝરાયલમાં એલ્બિટની ઉચ્ચ-ક્ષમતા સુવિધાઓમાં ઉત્પાદન ચાલુ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .